## વડીલોને વંદન અભિનંદન

આજે જન્મદિવસ



વત્સલાબેન વિષ્ણુભાઈ પટેલ
(૧૯૪૫) ફોન : ૨૩૨ ૩૨૨૭૫

# કલોલમાં શાળા સંકુલ બહાર ગુટખા વેચતા ગલ્લાધારકો પર પોલીસનો સપાટો

કલોલ, તા. ૩૦

શાળા-કોલેજોના સંકુલથી ૧૦૦ મીટર પરીધમાં ધૂમ્રપાન માટેની સિગારેટો તથા ગુટખા પર સદંતર પ્રતિબંધ હોવા છતા કલોલ તાલુકાના કેટલાક વિસ્તારોમાં શાળા બહાર ગુટખા વેચાણ થતુ હોવાનું કલોલ તાલુકા પોલીસને ધ્યાને આવતા એક પછી એક ત્રણ સ્થળોએ દરોડા પાડી ત્રણ ગલ્લાધારકોની અટકાયત કરીને કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

કલોલ તાલુકાના બોરીસણા ગામમાં સ્થિત પ્રકાશ હાઈસ્કૂલની નજીક એક ગલ્લામાં ગુટખાનું વેચાણ નિયમોની ઐસી કી તૈસી કરીને ચાલતુ હોવાનું ધ્યાને આવતા કલોલ તાલુકા પોલીસે ચેકીંગ કરીને હાઈસ્કૂલ નજીક ગલ્લો ખોલીને ગુટખા વેચાણ કરતાં પ્રતાપજી ચુડાજી ઠાકોરની અટકાયત કરીને ગુટખા કબ્જે કરવામાં આવી હતી.

ત્યારબાદ તબક્કાવાર અન્ય બે શાળા-કોલેજ બહાર આ પ્રકારે ગુટખા ચાલતુ હોવાનું ધ્યાને આવતા દરોડા પાડ્યા હતા. જેમાં નારદીપુર પી.ટી.સી. કોલેજ નજીક ગલ્લામાં ગુટખા વેચતા દિપકજી મોહનજી ઠાકોર અને રણછોડપુરામાં આવેલી કોલેજ નજીક ગુટખા વેચતા વિજયકુમાર માનાવદલ વિશ્વકર્મા સહીત ત્રણ ગલ્લાધારકો વિરૂદ્ધ કલોલ તાલુકા પોલીસે કલમ ૧૮૮ મુજબ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે. કલોલ તાલુકા પી.આઈ. પી.ઓ. ભટ્ટના જણાવ્યા મુજબ આ કામગીરીને સઘન બનાવીને શાળા કોલેજો બહાર ધૂમ વેચાતી ગુટખાઓ સદંતર બંધ કરી દેવા હવે નિયમિત શાળા-કોલેજો બહાર ચેકીંગ કરવામાં આવશે.

# મંદિરે જઈ રહેલી મહિલાનો વખારીયા ચાર રસ્તા પાસે દોરો ખેંચાયો

## બાઈક પર આવેલા શખ્સો ૬૨ હજારનો પેંડલ સાથેનો દોરો આંચકી રફુચક્કર

કલોલ, તા.૩૦

કલોલના વખારીયાનગર વિભાગ-૨ ખાતે રહેતી મહિલા આજે સવારના સુમારે ચાલતા મંદિરે દર્શન કરવા જઈ રહી હતી તે દરમિયાન વખારીયા સર્કલ નાગરિક બેંક સામે બાઈક પર બે સવારી આવેલા ચેઈન સ્નેચરો પૈકી પાછળ બેઠેલા શખ્સે મહિલાના ગળે હાથ નાંખીને પેંડલ સાથે સોનાનો દોરો આંચકી લીધો હતો અને પળવારમાં રૂ. ૬૨ હજારના દોરાની સ્નેચીંગ કરીને બાઈક પર બંને શખ્સો ફરાર થઈ ગયા હતાં. કલોલ સીટી પોલીસે મહિલાની ફરિયાદને આધારે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

કલોલ શહેરના વખારીયાનગર વિભાગ બે મકાન નં. ૮માં રહેતા રીટાબેન ઉદયભાઈ બારોટ આજે સવારે ૮.૩૦ વાગ્યાના અરસામાં પોતાના ઘરેથી ચાલતા ચાલતા મંદિરે દર્શન કરવા જવા નિકળ્યા હતાં. રીટાબેન વખારીયા ચાર રસ્તા પાસે પહોંચ્યા ત્યારે પાછળથી એક ડિસ્કવર બાઈક તેમની પાસે આવ્યું અને બાઈક પર સવાર બે યુવાન શખ્સો પૈકી પાછળ બેઠેલા યુવાને રીટાબેનના ગળામાં હાથ નાંખ્યો અને ગળે પહેરેલો અઢી તોલા વજનનો સોનાનો પેંડલ સાથેનો દોરો આંચકી લીધો હતો. રીટાબેને બુમાબુમ કરતાં આસપાસના લોકો તથા રાહદારીઓ દોડી આવ્યા હતા પરંતુ ત્યાં સુધીમાં બાઈક પર આવેલા ચેઈન સ્નેચરો છટકી ગયા હતાં. રીટાબેનની ફરિયાદને આધારે કલોલ શહેર પોલીસ મથકના જમાદાર મુળજીભાઈએ ગુનો દાખલ કરી ચેઈન સ્નેચરોને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

## કલોલ શહેરમાંથી દારૂની બોટલો સાથે એક ઝડપાયો

કલોલ, તા. ૩૦

કલોલ શહેરના જનતા સુપર માર્કેટ પાસે ગત રાત્રીએ વિદેશી દારૂની બે બોટલ સાથે એક શખ્સ ઉભો હોવાની બાતમીને આધારે પોલીસે દરોડો પાડી મંગલગીરધર પ્રેસમાં રહેતા શર્મા જયંતી મંગળદાસની બે બોટલો સાથે ધરપકડ કરી લીધી હતી.

પોલીસે રૂ. ૬૫૦નો દારૂ જપ્ત કરી તે શખ્સની ધરપકડ કરીને બોટલ ક્યાંથી લાવ્યો હતો અને કયા કારણોસર લવાઈ હતી ? વેચવા કે પાર્ટી માટે ? તે સહિતની પુછપરછ શરૂ કરી છે.

# નવજીવન મીલ કમ્પાઉન્ડથી એક્ટિવા ચોરીને ભાગેલો શખ્સ ઝડપાયો

કલોલ, તા. ૩૦

કલોલ શહેરનાં નવજીવનમીલ કમ્પાઉન્ડ પાસેના પાર્કિંગમાં પાર્ક કરેલું એક્ટિવા ચોરાતા નોંધાયેલી ફરિયાદને આધારે પોલીસ તપાસ કરતાં શહેરનાં પૂર્વ વિસ્તારમાંથી એક્ટિવા ચોરને ચોરાયેલાં એક્ટિવા સાથે જ ગણતરીનાં કલાકોમાં ઝડપી લેવામાં આવ્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી સઘન પૂછપરછ શરૂ કરી છે.

કલોલ શહેરનાં મુખ્ય વિસ્તાર સમા નવજીવન મીલ કમ્પાઉન્ડ પાસે આવેલ જુના શાકમાર્કેટ નજીક ગત સવારના સુમારે ફૂટના વેપારી ઈશ્વરભાઈ દયાલભાઈ પોતાનું ૩૦ હજારની કિંમતનું એક્ટિવા નં. જીજે-૧૮-એએફ-૪૨૬૬ પાર્કિંગમાં પાર્ક કરીને નિકળ્યા હતા.

ત્યારબાદ કામ પતાવીને તેઓ પરત ફર્યા ત્યારે જોયું તો પાર્કિંગમાંથી પોતાનું એક્ટિવા ગાયબ હતુ. કલોલ સિટિ પોલીસ સ્ટેશન ખાતે એક્ટિવા ચોરાયું હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે સઘન તપાસ શરૂ કરી હતી. ગણતરીના સમયમાં જ જમાદાર મહિપતસિંહે શહેરનાં પૂર્વ વિસ્તારમાં રહેતા અશોક દલસુખ દંતાણી નામનાં શખ્સને ચોરાયેલા એક્ટિવા સાથે ઝડપી લઈ, એક્ટિવા રિકવર કરી લીધું હતું. એક્ટિવા માલિક ઈશ્વરભાઈ દયાલભાઈએ પોતાનું ચોરાયેલું એક્ટિવા મળી આવતાં હાશકારો અનુભવ્યો હતો. કલોલ સીટી પોલીસ દ્વારા આ એક્ટિવા ચોર અશોક દંતાણીની ધરપકડ કરીને રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.



કોંગ્રેસનાં કાર્યકરોએ ઈન્કમટેક્ષ પાસે ગુજરાતનાં મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે દેખાવો કર્યા હતા.

## અલુવામાં મામેરાના પૈસા બાબતે ધોકા અને પાઈપો ઉછળી

કલોલ, તા. ૩૦

કલોલ તાલુકાના અલુવા ગામના મોટાવાસમાં રહેતા ભુપતજી રાધાજી ઠાકોર પાસે આવીને ગત સાંજે સુરાજી નેનાજી ઠાકોરે કહ્યું કે તમે મામેરાના પૈસા આપ્યા નથી ને પૈસા આપો. અને ગાળાગાળી શરૂ કરી દીધી હતી.

આ બાબતે બોલાચાલી બાદ લાકડી, ધોકા અને પાઈપો ઉછળી હતી. સુરાજી અને તેના બે દીકરાઓ વિક્રમજી તથા કાનજી ત્રણેય મળીને ભુપતજી અને સોનલબેનને ધોકો, લાકડી અને લોખંડની પાઈપ વડે ફરી વળ્યા હતા અને ફ્રેક્ચર કરી નાંખ્યું હતું. આ બનાવ અંગે ભુપતજીની ફરીયાદને આધારે ત્રણેય શખ્સો વિરૂદ્ધ કલોલ તાલુકા પોલીસે ગુનો દાખલ કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.



મુંબઇ હુમલામાં ફાંસી સજાનો સામનો કરી રહેલા કુખ્યાત આતંકવાદી કસાબને વહેલી તકે ફાંસી આપવાની માંગણીને લઇને દેખાવો કરવામાં આવ્યા હતા. જશોદાનગર ચાર રસ્તા પાસે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને પુતળા દહનનો કાર્યક્રમ યોજ્યો હતો.

## મુમનવાસના ગ્રામજનોની માંગણી સંતોષાઈ અને શિક્ષીકાની બદલી કરાઈ

પાલનપુર, તા.૩૦

બનાસકાંઠાના મુમનવાસ ગામે શિક્ષિકા નશીમબેનના વિરુધ્ધમાં સમગ્ર ગ્રામજનો-વાલીઓ આવી જતાં ગામમાં શિક્ષિકા વિરુધ્ધમાં પાલનપુર ખાતે જઈ ઉચ્ચ-અધિકારીઓને લેખિત મૌખિક રજુઆતો કરાવાઈ ત્યાબાદ નિરીક્ષકો દ્વારા તપાસ કરાવાઈ અને અંતે મુમનવાસની શિક્ષિકા નશીમબેન શેખની મુમવાસમાંથી બદલી કરીને વડગામ તાલુકા બહાર દાંતા તાલુકાના કણબીયાવાસ ખાતે કરાતા ગ્રામજનોમાં ખુશી વ્યાપી જવા પામી હતી. જયારે તેમની ખાલી પડેલી જગ્યામાં નવિન ભરતી કરવામાં આવશે. આમ ગ્રામજનોની માંગણી સંતોષાઈ છે.

# જાસપુર કેનાલમાંથી પ્રૌઢનો મૃતદેહ મળી આવતા ચકચાર

કલોલ, તા.૩૦

કલોલ પાસેની જાસપુર સી.આર. ગેટ પાસે કેનાલમાંથી પ્રૌઢનો તરતો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. મૃતદેહ સંદર્ભે પોલીસને જાણ કરાતા પોલીસ સ્થળ પર દોડી આવી હતી અને મૃતદેહ બહાર કઢાવી પી.એમ. માટે મોકલીને ઓળખ માટે તપાસ કરતા અમદાવાદનો રહેવાસી હોવાનું બહાર આવ્યું છે. કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસનો દોર શરુ કર્યો છે.

મળતી માહિતી મુજબ જાસનપુર કેનાલમાંથી ગત બપોરે મળી આવેલો મૃતદેહ અમદાવાદના ૫૦ વર્ષિય પ્રૌઢ અંબાલાલ મગનભાઈ પરમારનો હોવાનું પોલીસને મૃતદેહ પાસેથી મળી આવેલ ડાયરીમાંથી જાણવા મળ્યું છે. કોઈ અગમ્ય કારણોસર પ્રૌઢે આપઘાત કરી લઈને મોતને વ્હાલું કર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું છે. મૃતદેહ પોસ્ટ મોર્ટમ માટે મોકલી કલોલ તાલુકા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી ચોકકસ કારણ શોધી કાઢવા તજવીજ શરુ કરી છે. જો પ્રૌઢે આપઘાત કરી લીધો હોય તો કયાં કારણોસર અંતિમ નિર્ણય લીધો તે દિશામાં પણ પોલીસે સઘન તપાસ શરુ કરી છે.


# માણસા યુથ કોંગ્રેસના કાર્યકરોને ઓળખપત્ર વિતરણ કરાયા

માણસા, તા. ૩૦

આગામી વિધાનસભાના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય પક્ષોએ પણ કમર કસીને તૈયારીઓ શરૂ કરી છે. છેલ્લા સત્તર વર્ષથી ગુજરાતમાં સત્તાથી વંચિત કોંગ્રેસ દ્વારા આ વખતે સત્તા મેળવવા અગાઉથી આયોજન થઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે માણસા યુથ કોંગ્રેસ દ્વારા યુવા મતદારોને આકર્ષવા આઈકાર્ડ વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મળતી માહિતી અનુસાર યુવા મતદારોને આકર્ષવા યુથ કોંગ્રેસ દ્વારા આગામી ચૂંટણી અન્વયે આગવું આયોજન થઈ રહ્યુંછે. માણસા યુથ કોંગ્રેસ દ્વારા હાથીકાકા હોલમાં આજે કોંગ્રેસના કાર્યકરોને આઈકાર્ડ એટલે કે સભ્ય તરીકેના ઓળખ પત્ર અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં તાલુકાના કાર્યકરો હાજર રહ્યા હતા. આ પ્રસંગે સ્થાનિક ધારાસભ્ય બાબુસિંહ ઠાકોર, વિજયસિંહ રાઓલ, શહેર પ્રમુખ જયંતિભાઈ પટેલ, લોકસભા યુથ કોંગ્રેસના પ્રમુખ ધરમશી રબારી, અમિતભાઈ ચૌધરી વગેરે ઉપસ્થિત રહ્યા હતા અને કાર્યકરોને ઓળખપત્રનું વિતરણ કર્યું હતું. ઉપરાંત સર્વે કાર્યકરોને આગામી ચૂંટણીઓની કામગીરીમાં લાગી જવાના આહવાન સાથે ઉમેદવારોને બહુમતીથી જીતાડવા અનુરોધ કર્યો હતો.

## શબ્દાવલી - ૪૮૩૧



**આડી ચાવી**

૧. ખુનરેજી, કાપાકાપી (૫)
૫. પિતા, બાપુજી (૨)
૭. બકાલુ, સબ્જી (૨)
૮. વાસણને હિન્દીમાં... કહેવાય (૩)
૧૧. ના પાડવી (૪)
૧૩. 'તકદીર' આડુંઅવળું (૪)
૧૫. બેઠો માર, ... માર (૨)
૧૬. નાગણ (૩)
૧૮. લાજ, ઈજ્જત (સ્ત્રીની) (૩)
૧૯. તુકારેથી બોલાવવું (૩)
૨૦. શિયાળામાં લોકો ઠંડીથી બચવા... કરે (૩)
૨૨. અંધારૂં (૩)
૨૩. પીળા ફૂલવાળું એક ઝાડ (૪)

**ઊભી ચાવી**

૧. ખોટા ખોટા કોઈના વખાણ કરવા તે (૪)
૨. ઘ્રાણેન્દ્રિય (૨)
૩. ભગવાન, ઈશ્વર (૨)
૪. ભજન-કથા વિગેરે (૩)
૬. હોલો - પારેવડું (૩)
૯. કામ વગરનું (૩)
૧૦. ઓસરી (૪)
૧૨. જીદ, જક્ક (૨)
૧૪. દિપક, દીવો (૨)
૧૭. એક ખનિજ, પ્રવાહી (૨)
૧૮. કુશળતા, હોંશિયારી (૩)
૧૯. બાણ, તીર (૩)
૨૧. ... ઘૂંઘરું બાંધ મીરા નાચી રે... (૨)

### શબ્દાવલી ૪૮૩૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઓરસિયો (૪) તોરણ (૬) લાજમલાજો (૮) ઇનામ (૧૦) યુઝ (૧૨) રામલીલા (૧૪) ગરીમા (૧૭) મસાણ (૧૮) ભારત (૨૦) પેગામ (૨૧) કરજ (૨૨) ચટણી (૨૩) મત

**ઊભી ચાવી :-** (૧) ઓરમાયુ (૨) સિલાઈ (૩) યોજના (૪) તોલા (૫) રજો (૭) મમરા (૯) વિલાયત (૧૧) ઝગમગાટ (૧૩) મહાભારત (૧૫) રીસામણી (૧૬) માણ (૧૯) રજ (૨૦) પેંચ (૨૧) કમ

## વધુ ભાડુ વસુલતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉઠવા પામ્યો છે. જેના પગલે સરકાર દ્વારા રીક્ષામાં મીટર મુજબ ભાડાનો દર નિયત કરતુ પત્રક જારી કરવામાં આવ્યુંછે. જિલ્લા ટ્રાફિક પોલીસતંત્ર દ્વારા પણ મીટરપ્રથા મુજબ રીક્ષા ચાલકોને ભાડુ વસુલવા સૂચના આપવામાં આવી છે. જ્યારે મીટર ભાડા દર્શાવતા બોર્ડ પણ શહેરમાં લગાવી દેવાયા છે. જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેએ મુસાફરોને ભાડાપત્રક મુજબ જ ભાડુ ચુકવવા જણાવ્યું છે. જ્યારે રીક્ષાચાલક નિયત ભાડા કરતા વધુ રકમની માંગણી કરે તો જિલ્લા ટ્રાફિક શાખાનો ફોન નંબર-૩૦૬૮૪૫૨ સંપર્ક કરવા જણાવ્યું છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

## દેહદાન પ્રાપ્ત થયું... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર મેડિકલ કોલેજના ડૉ. સૈયદે જણાવ્યું હતું કે ગાંધીનગર મેડિકલ કોલેજને આ પ્રથમ દેહદાન મળ્યું છે. હવે આ જુદા જુદા કેમિકલ દ્વારા તેનું રક્ષણ કરાશે અને તે મેડિકલ કોલેજના વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ઉપયોગમાં લેવામાં આવશે.

તેમણે જણાવ્યું હતું કે માનવીના મૃત્ય પછી છ કલાકની સમય મર્યાદામાં મળેલ શરીર જ મેડિકલ માટે જરૂરી છે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે મૃતદેહ પર કોઈપણ પ્રકારની તાત્કાલિક શસ્ત્રક્રિયા થયેલી ના હોવી જોઈએ, એટલું જ નહીં તે કોઈપણ પ્રકારના ચેપી કે ગંભીર બિમારીથી પિડાતા ન હોવા જોઈએ.

ડૉ. સૈયદે દેહદાન કરનાર અમૃતભાઈના પરિવારજનો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે પરિવારની આ ભાવનાને બિરદાવી હતી.

## મતદારો નોંધાયા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

વિધાનસભામાં સ્ત્રી મતદારોએ મતદાર નોંધણી માટે સૌથી વધુ રસ દાખવ્યો છે અને પુરૂષ મતદારો કરતાં વધુ મહિલા મતદારોના નામ અહિ દાખલ થયા છે.

ગાંધીનગર જિલ્લામાં મતદારયાદી સુધારણાની ઝુંબેશનું સીધુ મોનીટરીંગ જિલ્લા કલેક્ટર શ્રી સ્વરૂપે કર્યુ હતુ અને તેમણે આ માટે જિલ્લાના મતદાન મથકોની ખાસ ઝુંબેશ દરમ્યાન વિશેષ મુલાકાતો પણ લીધી હતી જે ઉલ્લેખનીય છે.

જિલ્લામાં મતદારયાદી સુધારણા અંતર્ગત કોલેજો અને મોટા શોરૂમ તેમજ બેંકોને પણ આવરી લેવામાં આવી હતી. મતદારયાદી સુધારણા માટેની સૌથી ઓછી અરજીઓ દહેગામમાંથી મળી હતી. અહિ ૩૯૦૦ જેટલા નવા મતદારો નોંધાયા છે. ગાંધીનગર(દ) ગાંધીનગર(ઉ) અને માણસામાં સાત હજારથી ૮ હજાર જેટલી અરજીઓ મળી હતી જ્યારે કલોલમાં આ સંખ્યા ૬ હજારથી પણ વધુ નોંધાઈ છે.

જિલ્લામાં મતદારયાદીની પ્રસિદ્ધિ માટેની તમામ તૈયારીઓ જિલ્લાતંત્રએ આજે પુરી કરી લીધી છે. મતદારયાદી મતદારોના ફોટાવાળી હશે. મતદારયાદીમાં નામ નોંધાવવાની કામગીરી સતત ચાલુ રહેશે તેમ પંચના સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

## સત્તા સોંપણીના પ્રશ્ને

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સતત અવગણના કરવામાં આવી છે. તે દુ:ખદ બાબત છે.

ગાંધીનગર મહાનગરપાલિકા જ્યારે નવરચિત છે ત્યારે તેને સહાય કરવાને બદલે સતત હેરાન કરવામાં ભાજપ સરકારે કોઈ કસર છોડી નથી. મહાનગરપાલિકા દ્વારા અગાઉ પણ સરકારને ઠરાવ કરી ૨૦૦ કરોડ રૂપિયાની માંગણી કરેલ છે. તેનો પણ રાજ્ય સરકાર સ્વિકાર કરે તો ૫ વર્ષ સુધી નગરજનો વતીથી સરકાર રકમ ચુકવે તો ૫ વર્ષ માફી આપી શકાય. પણ તેમાં પણ રાજ્ય સરકારે ગાંધીનગરના નગરજનોની ઉપેક્ષા કરી છે.

વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરૂણભાઈ બુચે ઉપવાસીઓની મુલાકાત લઈ પ્રજાની સમસ્યાઓનાં નિરાકરણ માટેની લડતમાં સાથ-સહકાર આપવાની ખાત્રી આપી હતી.

મેયરશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, મહાનગરપાલિકામાં વિપક્ષની ભુમિકામાં બેઠેલ ભાજપના કોર્પોરેટરોએ લડતમાં સહકાર આપવાને બદલે પ્રજા વિરૂદ્ધ ગેરમાર્ગે દોરતુ આવેદનપત્ર આપીને આશ્ચર્ય અને કુતૂહલ સર્જાયુ હતુ. તેમના આવેદનપત્રનો શું સાર નીકળે છે તે ખબર પડતી નથી. તેમનામાં હિંમત હોય તો પ્રજાનાં પ્રશ્નોને સરકાર સામે રજૂઆત કરી બતાવે. ગાંધીનગરનાં વિકાસમાં હરહંમેશા સહકાર આપવાને બદલે ભાજપના કોર્પોરેટરોએ હંમેશા વિકાસના કામમાં રોડા નાંખવાનું કામ કર્યુ છે.

સત્યાગ્રહ છાવણી ખાતેના ઉપવાસ કાર્યક્રમમાં ગાંધીનગરનાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા સાથે ગાંધીનગર શહેર કોંગ્રેસ પ્રમુખ શ્રી મુકેશભાઈ પટેલ, મહામંત્રીશ્રી નિશિત વ્યાસ, ડે. મેયર યુસુફભાઈ પરમાર, માજી ધારાસભ્ય પોપટલાલ પટેલ, સ્ટેન્ડિંગ ચેરમેન પ્રવિણભાઈ પટેલ, માજી પ્રમુખ યુથ કોંગ્રેસ ઈન્દ્રવિજયસિંહ ગોહિલ, નેતા શ્રી ચિમનભાઈ વિંઝુડા, વિક્રમસિંહ ખાચર, લાલચંદભાઈ ગોપલાણી, વિરેન્દ્રસિંહ વાઘેલા, કે.આર. પટેલ, દિલીપભાઈ ચૌધરી, બાબુજી ઠાકોર, પરેશભાઈ પટેલ, હિમાંશુ પટેલ, માનાજી મારવાડી, જયદિપસિંહ ઠાકોર, ભાવેશ દેસાઈ તમામ કોર્પોરેટરશ્રીઓ, શહેર મહિલા પ્રમુખ પ્રેમબા હાડા, પ્રવિણભાઈ માણિયા, યુવક કોંગ્રેસ તેમજ એન.એસ.યુ.આઈ.ના મહામંત્રી અંકીત બારોટ, વિરેન્દ્રસિંહ વાઘેલા, હર્ષજિત પંડ્યા, પ્રતિક ગોહિલ તથા યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

ઉપવાસ કાર્યક્રમમાં પાટણના સાંસદ જગદીશભાઈ ઠાકોર, મહામંત્રી જશુભા રાણા, જિલ્લા પ્રમુખ સી.જે. ચાવડા વગેરે આગેવાનોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

## ઓઝોન ફાર્માસ્યુટિકલ્સ પ્રસ્તુત કરે છે 'યુનિફોર્મ પ્રાઈસિંગ સ્ટ્રેટેજી' પહેલ

### ઉપરાંત હાઈ કોલેસ્ટ્રોલ ઘટાડે છે ફકત રૂા. ૨ના મૂલ્યની દવાઓથી

ભારતની અગ્રણી પ્રિસ્ક્રિપ્શન ડ્રગ મેન્યુફેકચરિંગ એન્ડ માર્કેટિંગ કંપની, ઓઝોન ફાર્માસ્યુટિકલ્સ દ્વારા વિશ્વમાં પહેલીવાર અનોખી 'યુનિફોર્મ પ્રાઈસિંગ સ્ટ્રેટેજી' પ્રસ્તુત કરવામાં આવી રહી છે. વર્ષો જૂની સંખ્યાબંધ બિમારીઓ માટેની દવાઓ કંપની તરફથી દવાઓના ડોઝની માત્રા ફક્ત રૂા. ૨ પ્રતિદિનના દરે ઉપલબ્ધ કરાવશે. હાઈ બ્લડપ્રેશર, હાઈ કોલેસ્ટ્રોલ અને હાઈ બ્લડસુગરના દર્દીઓને મદદરૂપ થવાનો આ એક પ્રયાસ છે. 'યુનિફોર્મ પ્રાઈસિંગ' સ્ટ્રેટેજી હેઠળ પોષાય તેવા દરે દવાઓનું આજીવન અનુસરણ સુનિશ્ચિત કરવામાં આવે છે.

આજે દવાઓ પાછળનો ખર્ચ આરોગ્યલક્ષી ખિસ્સા ખર્ચમાં ૫૦ ટકા જેટલો હિસ્સો ધરાવે છે અને આ ભારણને જ હળવું બનાવવા માટે કાળજીપૂર્વકની યોજના એટલે યુનિફોર્મ પ્રાઈસિંગ સ્ટ્રેટેજી (યુપીએસ) તૈયાર કરવામાં આવી છે, જે મોટો ફરક ઊભો કરવા સક્ષમ એવી દવાઓને પોષાય તેવા દરે ઉપલબ્ધ કરાવવાની ઓઝોન ફાર્માસ્યુટિકલ્સની સર્વપ્રથમ યોજના છે.

'ભારતમાં ચીજવસ્તુઓ અને સેવાઓના સતત વધી રહેલા ભાવોને જોતાં ઓઝોન એક તંદુરસ્ત ભારતમાં યોગદાન આપતા વ્યવહારૂ ઉકેલને પ્રસ્તુત કરતા આનંદ અનુભવે છે. આવી સ્ટ્રેટેજી પ્રસ્તુત કરનારી પ્રથમ કંપની હોવાનો અમે ગર્વ અનુભવીએ છીએ.' એમ ઓઝોન ફાર્માસ્યુટિકલ્સના ચેરમેન એસ.સી. સેહગલે જણાવ્યું હતું.

જયારે ઓઝોન ફાર્માસ્યુટિકલ્સના સીઈઓ શ્રી એ.કે. સાહૂએ ઉલ્લેખ કર્યો હતો કે, 'ભારત ટૂંક સમયમાં જ હાઈપરટેન્શન, હાઈ બ્લડપ્રેશર, હાઈ કોલેસ્ટ્રોલ અને ડાયાબિટિસ જેવી જૂની બિમારીઓ માટે વિશ્વની રાજધાની બની જશે.'

## બે દાયકા બાદ.. ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઉદ્યોગભવનની આ લિફ્ટ હવે બદલવામાં આવશે. આ પૈકી ૧૪ લીફ્ટ નવી મુકાશે. જ્યારે આ માટે અંદાજિત રૂ. ૫ કરોડનો ખર્ચ થશે. આ કામગીરીને અનુલક્ષી પાટનગર યોજનાના ઈલેક્ટ્રીક વિભાગને કામ સોંપાયું છે. વિભાગ કક્ષાએથી ટેન્ડર પ્રક્રીયા હાથ ધરવામાં આવી છે. જેના અંતે ભવનમાં લીફ્ટનું કામ હાથ ધરાશે. આગામી વાઈબ્રન્ટ સમિટ પૂર્વે નવીન લિફ્ટ મુકવાનું કામ પૂર્ણ કરી દેવાય તેવી પણ સંભાવના છે.